**અમદાવાદ ના મહે.અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં ૧૦ માં**

ક્રિ.કે.નં.૫૫૧૩૪/૨૦૨૦

**:- જજમેન્ટ:-:**

**આરોપીઓએ બનાવની તારીખે જુગાર રમી રમાડી મળી આવી આ અદાલતની હકુમતમા જુગાર ધારા ક. ૧૨ મુજબનો ગુનો કરેલ હોઈ આ અદાલતમા ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીઓએ કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોઈ ગરીબ માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરુ છુ.**

**:: હુકમ :**

**આરોપી નં.૧ થી ૬ ને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૫૨ અન્વયે જુગાર ધારા ક.૧૨ ના ભંગ બદલ રુા.૩૦૦/- (ત્રણસો પુરા) દંડ કરવામા આવે છે. આરોપીઓની ઉંમર જોતા તેમજ તેમના પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમા રાખતા સજા કરવામા આવતી નથી.જો આરોપીઓ દંડ ન ભરે તો દિન-૫ (પાચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. મુદામાલ રોકડ અપીલ સમય બાદ સરકાર**

દાખલ કરવી. મોબાઈલ સબંચે વચગાળાના હુકમો કાયમી કરવામા આવે છે. તેમજ અન્ય મુદ્દામાલ નાશ કરવો.

આ હુકમ આજરોજ તા.૧૧ સપ્ટેમ્બર  ૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| અમદાવાદ. | ( મોઢ વિનયકુમાર દશરથલાલ ) |
| તા.૧૧–૦૯– ૨૦૨૧. | એડીશ્નલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧૦)<br>અ મ દા વા દ. |
| | કોડ નંબર જી.જે. ૦૦૧૦૩૩ |